# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 02-02-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day : SUNDAY** **National News**

આકાશવાણી સમાચાર જયેશ વેગડા વાંચે છે.

*********************************************************

- કેન્દ્રીય નાણામંત્રી નિર્મળા સિતરામણે અંદાજપત્રમાં પગારદાર વર્ગ, કૃષિ, સુક્ષ્મ લઘુ અનેમધ્યમ કક્ષાના એકમો માટે અનેક જાહેરાતો કરી- આવકવેરા  પરની કરમુક્તિ મર્યાદા વધારીને 12 લાખ રૂપિયા કરાઈ
- પ્રધાનમંત્રીએ અંદાજપત્ર ને ભારતના વિકાસ માટે ગેમ ચેન્જર ગણાવ્યું.
- દિલ્લી વિધાનસભા ચુંટણી માંટેનો પ્રચાર ચરમસીમાએ - ચુંટણીપંચ દ્વારા મુક્ત ન્યાય ચુંટણી માટે તમામ તૈયારીઓ પૂર્ણ
- છતીસગઢના બીજાપુર જિલ્લાનાં સુરક્ષાદળ સાથેની અથડામણમાં આઠ માઓવાદીઓના મોત
- ક્રિકેટમાં ભારત ઈંગ્લેન્ડ વચ્ચે T-20 શ્રેણીની પાંચમી અને અંતિમ મેચ આજે મુંબઈ ખાતે રમાશે તો મહિલા અંડર 19 T-20 વિશ્વ કપની ફાઈનલમાં ભારતનો મુકાબલો દક્ષિણ આફ્રિકા સામે થશે.

.........................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

# BUDGET MAIN STORY PAGE 1

કેન્દ્રીય નાણાંમંત્રી નિર્મલા સીતારમણે ગઇકાલે વર્ષ 2025-26 નું અંદાજપત્ર રજૂ કર્યું હતું. અંદાજપત્રમાં ખાસ કરીને મધ્યમ અને પગારદાર વર્ગ, કૃષિ, સુક્ષ્મ, લઘુ અને મધ્યમ કક્ષાના એકમો તથા એકંદર અર્થતંત્રનાં વિકાસ માટે અનેક જાહેરાતો કરવામાં આવી છે.

લોકસભામાં અંદાજપત્ર રજૂ કરતા નાણા મંત્રીએ જાહેરાત કરી કે, નવી કરપ્રણાલિ હેઠળ આવકવેરાનાં સ્લેબ પ્રમાણે 12 લાખ રૂપિયા સુધીની આવક પર કોઇ વેરો નહીં લાગે. 75 હજાર રૂપિયાનું સ્ટાન્ડર્ડ ડિડક્શન ઉમેરતાં પગારદાર વ્યક્તિની કુલ 12 લાખ 75000 સુધીની વાર્ષિક આવક પર કોઇ ટેક્સ નહીં લાગે.

સુશ્રી સીતારમણે નવી કર પ્રણાલિ હેઠળ આવકવેરાનાં નવા સ્લેબ દાખલ કર્યા છે.

અંદાજપત્રમાં કૃષિ ક્ષેત્ર માટે અનેક મહત્વની મહત્વની જાહેરાતો કરી છે. તેમણે કપાસ ઉત્પાદકતા રાષ્ટ્રીય મિશન, બિહારમાં મખાના બોર્ડ રચવાની અને કઠોળ ક્ષેત્રે આત્મનિર્ભરતા હાંસલ કરવા 6 વર્ષનાં મિશનની પણ જાહેરાત કરી. આ ઉપરાંત, ઓછી ઉપજ ધરાવતા દેશનાં 100 જિલ્લામાં પ્રધાનમંત્રી ધન ધાન્ય યોજના શરૂ કરવામાં આવશે.

નાણા મંત્રીએ જણાવ્યું કે, કિસાન ક્રેડિટ કાર્ડ દ્વારા ઋણ માટેની મર્યાદા 3 લાખ રૂપિયાથી વધારીને 5 લાખ રૂપિયા કરવામાં આવશે.

# BUDGET MAIN STORY PAGE 2

બજેટમાં સુક્ષ્મ, લઘુ અને મધ્યમ કક્ષનાં એકમો-MSME માટે નેશનલ મેન્યુફેક્ચરિંગ મિશન સ્થાપવાની જાહેરાત કરવામાં આવી છે. સ્ટાર્ટ અપ માટે ક્રેડિટ ગેરન્ટી કવર 10 કરોડ રૂપિયાથી વધારીને 20 કરોડ રૂપિયા કરવામાં આવ્યું છે.

આરોગ્ય ક્ષેત્ર પર પણ ભાર મૂકવામાં આવ્યો છે. આગામી ત્રણ વર્ષમાં દેશનાં તમામ જિલ્લાઓમાં કેન્સર કેન્દ્રો અને કેન્સરની સારવાર માટે ડે-કેર કેન્દ્રો સ્થાપવામાં આવશે.

અંદાજપત્રમાં રેલ્વે અંગે કરાયેલી જાહેરાતો અંગે રેલ્વેમંત્રી અશ્વિની વૈષ્ણવે પ્રતિભાવ આપતા આ મુજબ જણાવ્યું..

(BYTE: ASHVINI VAISHNAV)

# PM BUDGET

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કેન્દ્રીય અંદાજપત્ર 2025 ને ભારતના વિકાસ માટે ગેમ-ચેન્જર ગણાવ્યું છે, અને વિકસિત ભારત તરફ દેશની યાત્રાને વેગ આપવામાં તેની ભૂમિકા પર ભાર મૂક્યો છે.

ગઈકાલે અંદાજપત્ર રજૂ કરાયા બાદ પોતાના સંદેશમાં, શ્રી મોદીએ કહ્યું હતું કે, કેન્દ્રીય અંદાજપત્ર એઆઈ, રમકડા ઉત્પાદન, કૃષિ, ફૂટવેર, ફૂડ પ્રોસેસિંગ અને ગિગ અર્થતંત્ર સહિત અનેક ક્ષેત્રોમાં નવીનતા, ઉદ્યોગસાહસિકતા અને ટકાઉ વિકાસ માટે માર્ગ મોકળો કરે છે.

# BUDGET RESPONSES

નાણામંત્રી નિર્મલા સીતારમણ દ્વારા રજૂ કરાયેલા કેન્દ્રીય બજેટ 2025-26 ને વિવિધ વર્ગો તરફથી સકારાત્મક પ્રતિસાદ મળ્યો છે, જેમાં વ્યવસાયો, ઉદ્યોગ નિષ્ણાતો, અર્થશાસ્ત્રીઓ અને સામાન્ય લોકોએ મધ્યમ વર્ગને કર રાહત આપવા, નવીનતાને પ્રોત્સાહન આપવા અને કૌશલ્ય વિકાસને વેગ આપવા માટે સરકારના પ્રસ્તાવોની પ્રશંસા કરી છે.

SBIના ચેરમેન સીએસ સેટ્ટીએ જણાવ્યું હતું કે કેન્દ્રીય બજેટે, ભારતને નવીનતા અને જ્ઞાન-સંચાલિત અર્થતંત્ર તરીકે સ્થાન આપ્યું છે

ફેડરેશન ઓફ ઇન્ડિયન ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી (FICCI) ના પ્રમુખ હર્ષવર્ધન અગ્રવાલે AIR ન્યૂઝ સાથે ખાસ વાત કરતા જણાવ્યું હતું કે બજેટ દરખાસ્તો મધ્યમ વર્ગની ભાવનાઓને વેગ આપશે અને ખાનગી ક્ષેત્રને તેમની રોકાણ યોજનાઓને આગળ વધારવા માટે પ્રોત્સાહિત કરશે.

દેશના ઉત્તર-પૂર્વ ભાગના અર્થશાસ્ત્રીઓએ પણ બજેટની પ્રશંસા કરી. આસામ સેન્ટ્રલ યુનિવર્સિટીના અર્થશાસ્ત્ર વિભાગના વડા પ્રોફેસર ઋત્વિક મજુમદારે બજેટને મધ્યમ વર્ગના હિતમાં ગણાવ્યું.

અગ્રણી ઓટોમોટિવ ઉદ્યોગ સંગઠનોએ કેન્દ્રીય બજેટને પ્રગતિશીલ અને વિકાસલક્ષી ગણાવ્યું, જેમાં ગ્રાહક ખર્ચમાં વધારો અને ઉત્પાદન સહાય દ્વારા વાહન વેચાણને વેગ આપવાની સંભાવના છે.

રત્ન અને ઝવેરાત ઉદ્યોગે કેન્દ્રીય બજેટ 2025-26માં પ્લેટિનમ શોધ પર મૂળભૂત કસ્ટમ ડ્યુટી ઘટાડવા અને ઝવેરાત ડ્યુટી ઘટાડવાના સરકારના પગલાનું સ્વાગત કર્યું સામાન્ય લોકોને પણ બજેટ આશાસ્પદ લાગ્યું કારણ કે તે મધ્યમ વર્ગ, રોજગાર, માળખાગત સુવિધાઓ, નિકાસ અને પર્યટન પર ધ્યાન કેન્દ્રિત કરે છે

# MORN DELHI CAMPAIGNING PAGE-1

દિલ્હી વિધાનસભા ચૂંટણીનો જાહેર પ્રચાર આવતીકાલે સાંજે સમાપ્ત થશે. રાજકીય પક્ષોએ મતદારોને આકર્ષવા માટે પોતાના પ્રયાસો તેજ કરી દીધા છે. 70 સભ્યોની વિધાનસભા માટે બુધવારે મતદાન થશે; મતગણતરી આઠમી ફેબ્રુઆરીએ થશે.

તમામ પક્ષોના નેતાઓ પોતાના ઉમેદવારોના સમર્થનમાં રેલીઓ અને રોડ શો કરી રહ્યા છે. ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે આર. કે, પુરમમાં જાહેર સભાને સંબોધિત કરશે.

પાર્ટીના નેતા અને કેન્દ્રીય મંત્રી રાજનાથ સિંહ રાજેન્દ્ર નગર, ચાંદની ચોક અને લક્ષ્મી નગરમાં રેલીઓ કરશે. દરમ્યાન પાર્ટીના વરિષ્ઠ નેતા અને ગૃહમંત્રી અમિત શાહે ગઈકાલે દિલ્હીમાં અનેક રેલીઓ કરી હતી. તેમણે કહ્યું કે આમ આદમી પાર્ટીના નેતા અરવિંદ કેજરીવાલે અણ્ણા હજારેના આંદોલન દરમિયાન કોઈપણ રાજકીય પક્ષ ન બનાવવાનું વચન આપીને લોકોને ગેરમાર્ગે દોર્યા હતા.

તેમણે આમ આદમી પાર્ટીની સરકાર પર દારૂ અને પાણી બોર્ડ કૌભાંડો સહિત હજારો કરોડ રૂપિયાના કૌભાંડોમાં સંડોવણીનો આરોપ લગાવ્યો. ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કરસિંહ ધામીએ પણ ગઈકાલે દ્વારકામાં ચૂંટણી રેલી યોજી હતી.

# MORN DELHI CAMPAIGNING PAGE-2

કોંગ્રેસના નેતા અજય માકન આજે દિલ્હીમાં એક પ્રેસ કોન્ફરન્સ સંબોધશે. કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ સદર બજારમાં એક જાહેર સભામાં દાવો કર્યો હતો કે દેશમાં નફરત અને હિંસા તેમજ પ્રેમ અને ભાઈચારાની વિચારધારાઓ વચ્ચે સંઘર્ષ છે.

તેમણે બંધારણના રક્ષણ માટે કોંગ્રેસની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો. કોંગ્રેસના સાંસદ પ્રિયંકા ગાંધી વાડ્રાએ ચાંદની ચોકમાં ચૂંટણી રેલી યોજી હતી. તેમણે ભૂતપૂર્વ મુખ્યમંત્રી શીલા દીક્ષિત સામે લગાવવામાં આવેલા ભ્રષ્ટાચારના આરોપો સાબિત ન કરી શકવા બદલ અરવિંદ કેજરીવાલની ટીકા કરી. તેમણે ભારતીય જનતા પાર્ટી પર સમાજને વિભાજીત કરવાની રાજનીતિ કરવાનો આરોપ લગાવ્યો.

આમ આદમી પાર્ટીના નેતા અરવિંદ કેજરીવાલે પણ અનેક રેલીઓને સંબોધિત કરી. તેમણે દિલ્હીની શાળાઓ, હોસ્પિટલો અને જાહેર સેવાઓમાં તેમના પક્ષની સરકાર દ્વારા કરવામાં આવેલા સુધારાઓનો ઉલ્લેખ કર્યો.

# EC-DELHI POLLS

ચૂંટણી પંચે દિલ્હીના મુખ્ય ચૂંટણી અધિકારીને મુક્ત, ન્યાયી અને પ્રલોભન મુક્ત ચૂંટણી સુનિશ્ચિત કરવા માટે તમામ જરૂરી પગલાં લેવાનો નિર્દેશ આપ્યો છે. ચૂંટણી પંચે તમામ જિલ્લા  ચૂંટણી અધિકારીઓને મતદાન પહેલાના મહત્વપૂર્ણ 72 કલાક દરમિયાન કાયદો અને વ્યવસ્થા પર ચાંપતી નજર રાખવા

**માટે વરિષ્ઠ પોલીસ અધિકારીઓ સાથે ખાસ બેઠકો યોજવા જણાવ્યું છે. આ બેઠકમાં જનરલ, પોલીસ અને ખર્ચ નિરીક્ષકો પણ હાજર રહેવા જોઈએ.**

**પંચે કહ્યું કે તમામ કાયદા અમલીકરણ એજન્સીઓએ પૈસા અને શક્તિના દુરુપયોગને રોકવા માટે કડક નજર રાખવી પડશે. પંચે નશીલા પદાર્થ, દારૂ, રોકડ અને અન્ય ગેરકાયદેસર વસ્તુઓની હિલચાલને રોકવા માટે આંતર-રાજ્ય પોલીસ ચેકપોસ્ટ, એક્સાઇઝ અને વાણિજ્યિક કર ચેકપોસ્ટ પર કડક દેખરેખ રાખવાની જરૂરિયાત પર ભાર મૂક્યો. આ ઉપરાંત, ચૂંટણી ખર્ચ દેખરેખ ટીમોએ પણ આ મહત્વપૂર્ણ 72 કલાક દરમિયાન સંપૂર્ણપણે સતર્ક રહેવું પડશે.**

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

**ગોન્ગ મ્યુઝીક**

. . . . . . . . . . . . . .

# CHHATTISGARH-MAOISTS

છત્તીસગઢના બીજાપુર જિલ્લામાં ગઈકાલે સુરક્ષા દળો સાથેની અથડામણમાં આઠ માઓવાદીઓ માર્યા ગયા હતા. પોલીસના જણાવ્યા અનુસાર જિલ્લાના ગંગલુર વિસ્તારમાં માઓવાદીઓની હાજરી અંગે માહિતી મળ્યા બાદ સુરક્ષા દળોની સંયુક્ત ટીમે શોધ અભિયાન  શરૂ કર્યું હતું.

બંને બાજુથી ગોળીબાર થયા બાદ ઘટનાસ્થળેથી આઠ નક્સલીઓના મૃતદેહ, રાઇફલ અને ગ્રેનેડ મળી આવ્યા હતા. છેલ્લા સમાચાર મળ્યા ત્યાં સુધી આ વિસ્તારમાં શોધ અભિયાન ચાલુ છે.

# MEN'S CRICKET - IND VS ENG

ભારત અને ઇંગ્લેન્ડ વચ્ચે T-20 ક્રિકેટ શ્રેણીની પાંચમી અને અંતિમ મેચ આજે સાંજે  મુંબઈમાં રમાશે. આ મેચ ભારતીય સમય મુજબ સાંજે સાત વાગ્યે શરૂ થશે.

ભારત પહેલાથી જ શ્રેણી 3-1થી જીતી ચૂક્યું છે. ભારતે બે મેચ જીતી હતી જ્યારે એક મેચમાં ઇંગ્લેન્ડનો વિજય થયો હતો. સૂર્યકુમાર યાદવના નેતૃત્વ હેઠળની ભારતીય ટીમે ચોથી રોમાંચક મેચ 15 રનથી જીતી લીધી.

T20 શ્રેણી બાદ બંને ટીમો વચ્ચે ત્રણ એક દિવસીય મેચ રમાશે. પહેલી મેચ પાંચમી  ફેબ્રુઆરી, બીજી નવમી ફેબ્રુઆરીએ અને ત્રીજી બારમી ફેબ્રુઆરીએ રમાશે.

# CRICKET-U19 WOMENS WC

ICC અંડર-19 મહિલા T20 વિશ્વકપની ફાઇનલમાં આજે મલેશિયાના કુઆલાલંપુરમાં ડિફેન્ડિંગ ચેમ્પિયન ભારતનો મુકાબલો દક્ષિણ આફ્રિકા સામે થશે. આ મેચ ભારતીય સમય મુજબ બપોરે બાર વાગ્યે શરૂ થશે.

ભારતે સેમિફાઇનલમાં ઇંગ્લેન્ડને 9 વિકેટે પરાજય આપ્યો હતો. જ્યારે દક્ષિણ આફ્રિકા ઓસ્ટ્રેલિયાને પાંચ વિકેટથી હરાવીને ફાઇનલમાં પહોંચ્યું હતું.

## અને હવે અખબારોના સમાચાર રજૂ કરે છે નિકીતા શાહ...................

- આજે મોટાભાગના અખબારોએ પ્રથમ પાનાં પર કેન્દ્રિય બજેટના સમાચારને સ્થાન આપ્યું છે..
- ગુજરાત સમાચાર લખે છે કે મોંઘવારીથી પીસાતા મધ્યમ વર્ગને અંતે રાહત...12 લાખ સુધીની આવક પર ટેક્સ નહીં, એક કરોડ કરદાતાને લાભ...
- સંદેશ અખબારે પ્રથમ પાનાં પર આનંદો.. 12 લાખ સુધીની આવક કરમુક્તના સમાચારને શિર્ષક બનાવ્યું છે...અને સાથે જ લખ્યું છે કે જનતા જનાર્દનનું બજેટ- વડાપ્રધાન મોદી
- દિવ્ય ભાસ્કરના પ્રથમ પાનાં પર વેતનધારકોની વસંત- 12.75 લાખ રૂપિયા સુધીની આવક પર કોઈ ટેક્સ નહીં... મધ્યમ સ્વર્ગ ! ખુશીઓ ટેક્સ ફ્રી ના સમાચારને મથાળા તરીકે સ્થાન આપ્યું છે.....

- રાજસ્થાન પત્રિકા બજેટને લઈને લખે છે કે રાહતોં કા સંગમ, મિડિલ ક્લાસ કા અમૃત સ્નાન...
- ફુલછાબના છેલ્લા પાના પર ગુજરાતના 59 **IAS** ની બદલી, પાંચને વધારાનો ચાર્જ અને ચારને પ્રમોશનના સમાચાર છાપ્યા છે.
- નવગુજરાત સમય છેલ્લા પાના પર લખે છે કે **IFSC**ને ટેક્સ રાહતની મુદતમાં 5 વર્ષનો વધારો....
- સંદેશ અખબારે છેલ્લે પાના પર ઈસરોના એક્સ ચેરમેન કિરણકુમારના નિવેદનને સ્થાન આપ્યું છે અને લખ્યું છે કે 400 કરતા પણ વધુ દિવસથી સ્પેસમાં રહેલા સુનિતા વિલિયમ્સ માર્ચ સુધીમાં પરત આવશે...